દિવ્ય ભાસ્કર (ગાંધીનગર આવૃત્તિ), પાના નં.૦૨, તા. ૦૬.૧૧.૨૦૨૪

### દિવાળીમાં મેટ્રો રેલની ડિમાન્ડ વધી, મેટ્રો તંત્રને અઠવાડિયામાં 2.6 લાખની આવક, જોવાલાયક સ્થળોએ જવા માટે લોકોમાં મેટ્રોની પ્રથમ પસંદગી રહી

# 8 દિવસમાં 14774 મુસાફરોએ મેટ્રોની મુસાફરી કરી

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર



દિપાવલી પર્વોમાં અમદાવાદ અને ગાંધીનગરના જોવાલાયક સ્થળોએ જવા માટે નગરવાસીઓએ મેટ્રોની પ્રથમ પસંદગી ઉતારી છે. જેને પરિણામે માત્ર આઠ દિવસમાં નગરના અલગ અલગ મેટ્રો સ્ટેશનમાંથી અંદાજે 14774 મુસાફરોએ લાભ લીધો હતો. જેને પરિણામે માત્ર આઠ જ દિવસમાં મેટ્રોએ રૂપિયા 2.6 લાખની આવક થવા પામી છે. જોકે મેટ્રો રેલમાં બેસવાનો અનુભવની સાથે સાથે ટ્રાફિકની સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે લોકોમાં મુસાફરી માટે પસંદગીનું ટ્રાન્સપોર્ટેશન બની રહ્યું હતું.

રાજ્યના પાટનગરવાસીઓને અમદાવાદથી ગાંધીનગર વચ્ચે અપડાઉન કરવા માટે મેટ્રો રેલ નવી ટ્રાન્સપોર્ટેશન સુવિધા મળી રહી છે. જોકે એસ ટી નિગમ દ્વારા દિપાવલી પર્વોને પગલે બસોને એક્સ્ટ્રા સંચાલન માટે દોડાવવામાં આવતા ડેપોમાં મુસાફરોને સમયસર બસ નહીં મળવાની ફરીયાદ ઉઠવા પામી હતી. નગરના ડેપોની બસોને એક્સ્ટ્રા સંચાલન માટે અમદાવાદ ડેપોમાં મોકલવામાં આવતા ડેપો ખાલીખમ ભાસતો હતો. જેને પરિણામે મુસાફરોને વતનમાં જવાની બસ માટે ચાતક બનવાની ફરજ પડી હતી. તેની વચ્ચે અમદાવાદથી ગાંધીનગરના જોવાલાયક સ્થળોએ જવા આવવા માટે નગરવાસીઓએ દિપાવલી પર્વોમાં મેટ્રો રેલનો મનભરીને ઉપયોગ કર્યો છે. આથી માત્ર આઠ જ દિવસમાં મેટ્રો રેલ સેવાનો લાભ નગરના અંદાજે 14774 જેટલા મુસાફરોએ લીધો છે. મુસાફરોમાં મેટ્રોની ડિમાન્ડ વધવાની પાછળ ટ્રાફિકની સમસ્યામાંથી છુટકારો મળવાની સાથે સાથે વાતાનુકુલિન સુવિધા હોવાથી લોકોને અમદાવાદ જવા અને અમદાવાદથી ગાંધીનગર પરત આવવા માટે મેટ્રો રેલ સરળ અને ઉપયોગી સાધન બની જવા પામ્યું હોય તેમ માત્ર આઠ જ દિવસમાં મેટ્રો રેલની મુસાફરીનો આનંદ લેનાર અંદાજે 14774 મુસાફરો પરથી લાગી રહ્યું છે. જોકે મુસાફરોના ધસારાની સાથે સાથે આવક પણ અંદાજે રૂપિયા 2.6 લાખની થઇ હોવાનું મેટ્રો રેલના માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે. દિપાવલી પર્વોમાં મેટ્રો રેલનો લાભ લેવામાં દિપાવલી પર્વો પછી મુસાફરોનો ધસારો વધારે રહ્યો હતો. કેમ કે દિવાળીના તહેવારોમાં નગરવાસીઓ પરિવાર સાથે પર્વની ઉજવણીને પગલે તારીખ 28મી, ઓક્ટોબર-2024થી 1લી, નવેમ્બર-2024 સુધીમાં દરરોજના 1109થી 1616 જેટલા મુસાફરોનો સમાવેશ થાય છે. જ્યારે દિવાળી તહેવારો પછી મેટ્રો રેલ સેવાનો લાભ લેનાર મુસાફરોની સંખ્યામાં વધારો થતાં અંદાજે 2600થી 2900થી વધારે મુસાફરોએ લાભ લીધો હતો. આગામી સમયમાં મેટ્રોના સ્ટેશન વધશે તે પ્રમાણે મુસાફરોની સંખ્યામાં પણ વધારો થશે. જોકે મેટ્રો રેલમાં બેસવાનો અનુભવની સાથે સાથે ટ્રાફિકની સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે લોકોમાં મુસાફરી માટે પસંદગીનું ટ્રાન્સપોર્ટેશન બની રહ્યું હતું. દિવાળીના તહેવારોમાં નાગરિકોએ મન ભરીને મેટ્રોની સવારી માણી હતી. જોકે, આગામી દિવસોમાં પણ મેટ્રો વાહનવ્યવહાર માટેનું સાધન બની રહેશે.

### મેટ્રો રેલનો લાભ લેનારા મુસાફરોની સંખ્યા

- તારીખ 28મી, ઓક્ટોબરના રોજ 1417 મુસાફરો
- તારીખ 29મી, ઓક્ટોબરના રોજ 1109 મુસાફરો
- તારીખ 30મી, ઓક્ટોબરના રોજ 1162 મુસાફરો
- તારીખ 31મી, ઓક્ટોબરના રોજ 1253 મુસાફરો
- તારીખ 1લી, નવેમ્બરના રોજ 1616 મુસાફરો
- તારીખ 2જી, નવેમ્બરના રોજ 2606 મુસાફરો
- તારીખ 3જી, નવેમ્બરના રોજ 2910 મુસાફરો
- તારીખ 4થી, નવેમ્બરના રોજ 2699 મુસાફરો

### સ્ટેશનની સંખ્યા વધ્યા બાદ મુસાફરો પણ વધશે

નગરના મેટ્રો રેલ સેવાનો હાલમાં આઠ સ્ટેશનોમાંથી શરૂ કરવામાં આવ્યો છે. તેમાં સેક્ટર-1, ઈન્ફોસીટી, ધોળાકુવા, રાંદેસણ, રાયસણ, જીએનએલયુ, પીડીઈયુ, ગીફ્ટસીટી સ્ટેશનમાંથી રેલ સેવા હાલમાં ચાલી રહી છે. જોકે આગામી સમયમાં મેટ્રો રેલ સેવા નગરના અન્ય સ્ટેશનોથી શરૂ કરવામાં આવનાર છે. હાલમાં નગરના ઉપરોક્ત આઠ સ્ટેશનોમાંથી મુસાફરોનો સૌથી વધારે ધસારો સેક્ટર-1ના મેટ્રો રેલ સ્ટેશનમાંથી રહેવા પામ્યો હોવાનું મેટ્રો રેલના માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે.